રજુ તારીખઃ– ૨૭/૧૦/૨૦૧૬
દાખલ તારીખઃ–૨૭/૧૦/૨૦૧૬
નિકાલ તારીખ:– ૩૦/૯/૨૦૨૧
અવધિઃ– વર્ષ, માસ, દિવસ

આંક–
ફોજદારી કેસ નંબર–૬૬૧૬૬/૨૦૧૬

**સુરતમાં ચોથાં અધિક સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. સુરત**

ફરિયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ– રંજન ગંતેઈ રાઉત

ઉ.વ. ૩૧, ધર્મઃહિન્દુ,

રહે. શીવાંજલી સોસાયટી, રમેશ મેવાડની ચાલ, તલંગપુર

સચીન જી.આઈ.ડી.સી., સુરત

ગુનો:– ઈ.પી.કો.કોડની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા

એમ. વી. એકટ ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ

---

ફરિયાદીના વિ.વ.શ્રી. :: એ.પી.પી.શ્રી એમ.વી.રાણપરા
આરોપીઓના વિ.વ.શ્રી :: શ્રી એમ. ડી. સોલંકી

---

**–// હુકમ //–**

(૧) આ કામે ફરિયાદ પક્ષની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૧/૭/૨૦૧૬ ના રોજ કલાક ૨૨/૦૦ વાગ્યાના સુમારે મગદલ્લા સચીન હાઈવે રોડ, ગાભેણી ચોકળી આગળ, સાંઈનગરની સામે પોતાની મો.સા. નંબર GJ–05–GD–6101 ની

પુરઝડપે અને ગાફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીને ટકકર મારી નીચે પાડી દઈ, મો.સા. નુ વ્હીલ ડાબા પગના ભાગે પસારી કરીને ફરીયદીને ડાબા પટમા ફ્રેકચર કરી ઈજાઓ કરેલી તેથી આઈ. પી. સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ. વી. એકટ ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો નોંધવામાં આવેલ, ત્યારબાદ આરોપીને ધોરણસર અટક કરી કોર્ટ હવાલે કરેલ અને બાદમાં હાલનુ ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ ઈસ્યુ કરતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહેલા. તેમને ફોજદારી કાર્યરીતીની કલમ ૨૦૭ મુજબ તમામ કેસ પેપર્સ આપવામાં આવેલ અને આરોપી વિરૂધ્ધ માં કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આ કામે આરોપીઓની આંક– ૦૩ થી પ્લી લેવામાં આવતા આરોપીએ, ગુનાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરિયાદી પક્ષે આરોપીઓ સામેનો ગુનો નિઃશંક રીતે પુરવાર કરવા માટે નીચે મુજબના લેખિત પુરાવા રજુ કરેલ છે.

<u>ફરિયાદ પક્ષે મૌખીક પુરાવોઃ–</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ હિતેન્દ્ર અશોકભાઈ કુમાવત ની જુબાની | ૧૧ |
| ૨ | સાહેદ પ્રભાકર જયોતિપ્રકાશ પાંડે ની જુબાની | ૧૫ |
| ૩ | ત.ક.અ. અશ્વીનભાઈ બબાભાઈ ની જુબાની | ૧૭ |

<u>ફરિયાદ પક્ષે લેખિત પુરાવોઃ–</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૮ |
| ૨ | પંચનામુ | ૧૯ |
| ૩ | ફરીયાદી તથા અન્ય સાહેદોના વગર બજેલા સમન્સો | ૨૦ થી ૨૪ |
| ૪ | મેડીકલ સર્ટી | ૨૫ |

(૪) ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ રેકર્ડ આધારીત ફરિયાદપક્ષનો પુરાવો જોતા આરોપી સામે ગુનાહીત આક્ષેપો અંગે પ્રાથમીક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી મજકુર કામે ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં નથી અને કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

મુદ્ધા નં.૧ શું ફરિયાદી પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૧/૭/૨૦૧૬ ના રોજ કલાક ૨૨/૦૦ વાગ્યાના સુમારે મગદલ્લા સચીન હાઈવે રોડ, ગાભેણી ચોકળી આગળ, સાંઈનગરની સામે પોતાની મો.સા. નંબર GJ-05-GD-6101 ની પુરઝડપે અને ગાફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીને ટકકર મારી નીચે પાડી દઈ, મો.સા. નુ વ્હીલ ડાબા પગના ભાગે પસારી કરીને ફરીયદીને ડાબા પટમા ફ્રેકચર કરી ઈજાઓ કરી, આઈ. પી. સી. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ. વી. એકટ ની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુનો કરેલ છે ?

મુદ્ધા નં. ૨ શું હુકમ.

ઉપરોક્ત મુદ્ધાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્ધા નં. ૧. નકારાત્મક.

મુદ્ધા નં. ૨. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

મુદા નંબર ૧ તથા મુદા નંબર ૨ ની ચર્ચા નીચે મુજબ સંયુકત રીતે કરવામાં આવેલ છે.

(૫) મુદ્ધા નં. ૧ ફોજદારી કેસોમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકા રહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ મુખ્યત્વે આક્ષેપીત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિશંઃકેપણે પુરવાર

કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનુ મુલ્યાંકન નીચે મુજબ છે.

(૬) ફરીયાદપક્ષ તરફથી કેસ પુરવાર કરવા માટે આંક– ૧૧ થી સાહેદ હિતેન્દ્ર અશોકભાઈ કુમાવત ની જુબાની નોંધવામા આવેલે જેમા તેઓ સરતપાસમા જણાવે છે કે, પોલીસે મારુ અકસ્માતમા નીવેદન લીધેલુ. અકસ્માત થયેલ તે મો.સા. મારા મીત્ર પ્રભાકર પાંડે નુ હતુ જે મારા મારફતે એક્ષચેન્જ મા રુપીયા અઢાર હજાર મા વેચાણ કરી હતી અને બીજા દીવસે અમે મો. સા. ના લખાણ કરેલ નહી અને મુળ માલીકના નામની ટ્રાન્સફર થઈ શકેલ નહી. આ વાન મારા મીત્ર વિનોદમીશ્રા એ કોને આપેલ તેની મને ખબર નથી. જે હાલ સુરત ડીંડોલી રોડ ઉપર રહે છે અને સુરત બજાજમા કામ કરે છે તે સીવાય બીજી કોઈ હકીકત હુ જાણતો નથી.

સદરહુ સાહેદ આરોપી તર્ફે વિ.વકીલશ્રી એમ. ડી. સોલંકીની ઉલટતપાસમા જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી.

(૭) આંક ૧૫ થી સાહેદ પ્રભાકર પાંડેની જુબાની નોંધવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે, મારી પાસે ડીસ્કવર મો.સા. હતી જેનો નંબર જીજે–૦૫–જેડી–૬૧૦૧ હતો અને સદર મો.સા. મારા મીત્ર હીતેન્દ્રને વેચાણ આપેલ અને બાદમા હીતેન્દ્ર એ મો.સા. કંપનીને વેચાણ પરત આપી આર. સી. બુક, ટીટીઓ ફોર્મ, વિ. જમા કરાવેલ. ત્યારબાદ તે મો.સા. ઉપર નામફેર થયેલ નથી અને મારા નામ પર જ બોલતુ હતુ. તે સીવાય મને બનાવ બાબતે કશુ ખબર નથી.

સદરહુ સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો વિ. સરકારી વકીલશ્રી મારફતે પુછવામા આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને સમર્થનકારી કોઈજ હકીકતો સામે આવેલ નથી.

(૮) આંક ૧૭ થી આ કામમા તપાસ કરનાર અધીકારી અશ્વિનભાઈ બબાભાઈ ની જુબાની નોંધવામા આવેલ છે જેમા તેઓ જણાવે છે કે, ગઈ તા. ૦૨-૦૭-૧૬ ના રોજ વર્દી આધારે અમો નવી સીવીલ હોસ્પિટલ ખાતે ગયેલા. ઈસમને બનાવ સંબંધે પૂછતાં તેઓએ બનાવ બાબતે જણાવેલ અને તે મુજબની ફરિયાદ લઈને પોલીસ સ્ટેશન આવીને અમોએ પો.સ્ટે. અમલદારને ગુનો રજીસ્ટર કરવા આપેલો. પો.સ્ટે. અમલદારે સ્ટે. ડા.માં ગુનો રજીસ્ટર કરી સી.આર.પી.સી.૧૫૭ નો રીપોર્ટ કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ સંભાળેલ. આ ગુનાવાળી જગ્યાનું પંચનામુ મેં તા.૨.૭.૧૬ ના રોજ બે પંચોની હાજરીમાં કરેલું તથા આ કામની તપાસમાં મેં સાહેદ અજયકુમાર ચંગુ નિષાદ, આશાદેવી અજયકુમાર, મુન્સી ગયાપ્રસાદ ગુપ્તા, સંજય શ્યામલાલ યાદવ વગેરેના નિવેદનો લીધેલ. સદર કામે મને સાહેદ નં. ૧, ૪ થી ૭ના સાહેદ સમન્સ બજવણી સારુ આપવામાં આવેલ હતા. જે સાહેદોના સરનામે જઈ જાતતપાસતાં સદર સાહેદો મળી આવેલ નહિં. ત્યાર બાદ આગળની તપાસ અમોની બદલી થતાં મેં એએસઆઈ શ્રી રજનીકાંત ખુમાભાઈને સોંપેલ.

આરોપી તર્ફે વકીલશ્રી એમ. ડી. સોલંકીની ઉલટતપાસમા સદરુ સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે ગુનાવાળી જગ્યાના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે આરોપીની અટક મેં કરેલ નથી.

(૯) આ કામમા ત્યારબાદ ફરીયાદી તર્ફે અન્ય તમામ સાહેદોને વારંવાર સમન્સ કરવા છતા પણ બજી શકેલ નથી. તેમજ આ કામે ફરીયાદી પણ મળી આવેલ નથી અને તેથી અનીષ્ચીત સમય માટે હાલનુ કામ પાંચ વર્ષ જુનુ હોય, પેન્ડીંગ રાખી શકાય તેમ ન હોય તેથી અન્ય સાહેદોને વિ. સરકારી વકીલશ્રી મારફતે ડ્રોપ કરવામા આવેલ છે તથા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે તેમજ આ કામે આરોપીઓ વિરુધ્ધ કોઈ પ્રાથમીક પુરાવાઓ સામે આવેલ ન હોય, આરોપીઓના વિશેષ નીવેદનો નોંધવામા આવેલ નથી તેમજ દલીલો સાંભળી કેસની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૧૦) આમ, ઉપરોક્ત ચર્ચાને અંતે ફરિયાદપક્ષે રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના આરોપીએ તા. ૧/૭/૨૦૧૬ ના રોજ કલાક ૨૨/૦૦ વાગ્યાના સુમારે મગદલ્લા સચીન હાઈવે રોડ, ગાભેણી ચોકળી આગળ, સાંઈનગરની સામે પોતાની મો.સા. નંબર GJ–05–GD–6101 ની પુરઝડપે અને ગાફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીને ટકકર મારી નીચે પાડી દઈ, મો.સા. નુ વ્હીલ ડાબા પગના ભાગે પસારી કરીને ફરીયદીને ડાબા પટમા ફ્રેકચર કરી ઈજાઓ કરેલી હોય તેવું, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા પરથી સ્પષ્ટ થતું નથી. આ કામે ફરીયાદી કે નજરે જોનાર સાહેદો મળી આવેલ નથી તેથી તેઓની જુબાની નોંધી શકાયેલ નથી. વધુમા આ કામમા પંચનામાની પણ કોઈ વીગતો પુરવાર થયેલી નથી. આ સીવાય ફરીયાદપક્ષનો પુરાવો ઘ્યાને લેતા, હાલના આરોપીની ગુનાહીત બેદરકારીના લીધે આ અકસ્માત બનવા પામેલ હતો તેવુ ફરીયાદપક્ષના પુરાવાઓથી સાબીત થતુ નથી. અને તેથી આ કામમાં ચાર્જશીટના આધારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી તેવુ મારૂ માનવુ છે. આમ, સમગ્ર પુરાવો જોતા તેના આધારે ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોવાથી તેનો લાભ આરોપીને આપી ફરીયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ, આરોપીને સદર ગુનામાંથી નિર્દોષ છોડી મુકવા વ્યાજબી, ન્યાયી અને ઉચીત જણાતુ હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી (૧) રંજન ગંતેઈ રાઉત ઉ.વ. ૩૧, ધર્મઃહિન્દુ, રહે. શીવાંજલી સોસાયટી, રમેશ મેવાડની ચાલ, તલંગપુર સચીન જી.આઈ.ડી.સી., સુરત નાને સી. આર. પી. સી. કલમ ૨૫૫ (૧) મુજબ તથા ઈ.પી.કો.કોડની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, તથા એમ. વી. એકટ ની કલમ ૧

૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ  મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતીની સંહીતા ૧૯૭૩ ની કલમ ૪૩૭એ મુજબ અપીલ સમય સુધી અંકે રૂ. ૫૦૦૦ (અંકે રૂપિયા પાંચહજાર પુરા) ના સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૩૦ માહ સપ્ટેમ્બર સને–૨૦૨૧  ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૯/૨૦૨૧ (ડી.આર.ઠાકુર )
સ્થળઃ–સુરત ચોથા એડી.સીવીલ જજ અને
જ્યુડી.મેજી.ફ.ક., સુરત
જીજે૦૧૨૪૧